નવસારી કૃષિ યુનિવર્સિટીના ખરસાણી સંશોધન કેન્દ્ર દ્વારા રાષ્ટ્રીય અગ્રીમ હરોળ નિદર્શન તથા આદિજાતી વિકાસ યોજના હેઠળ ખરસાણીના પાકની અગત્યતા તથા આ પાક હેઠળ વાવેતર વિસ્તાર વધે તે માટે શામગહાન ખાતે આગાખાન ટ્રસ્ટ, શામગહાન કેન્દ્રના સહયોગથી ખેડુત શીબીર અને ઈનપુટ કીટ વિતરણનો કાર્યક્રમ તા. ૪/૭/૨૦૨૨ના રોજ શામગહાન ખાતે રાખવામાં આવેલ હતો જેમાં આશરે ૧૨૦ જેટલા ખેડુતોએ ભાગ લીધો હતો. ખરસાણી સંશોધન કેન્દ્રના વડા ડો. પી. એમ. મિસ્ત્રીએ ખરસાણી પાક અંગે તેમજ કેન્દ્ર ખાતે ખરસાણી પાક પર ચાલતી વિવિધ સંશોધનની કામગીરી વિશે માહિતિ આપી હતી તથા ખરસાણી પાકના વાવેતરથી અન્ય પરપરાગીત શાકભાજી પાકો, આંબા પાક પર થતા ફાયદાઓ અને ખરસાણી પાકમાં મધમાખી પાલન વીશે જાણકારી આપી હતી.








જયારે આ કેન્દ્રના ડો. પી. કે. જગતાપ તથા ડો. એસ. પી. દેશમુખે ખરસાણીની વિવિધ જાતો તથા ખરસાણી પાકની ખેતી પધ્ધતિ અંગે વિસ્તૃત જાણકારી આપી હતી. શીબીરના અંતે અંદાજીત ૩૦૦ જેટલા લાભાર્થી ખેડુતોને ખરસાણી બીજ એક કીલો તથા સેન્દ્રીય ખાતર દિવેલી તથા લીંબોડી ખોળ ૨૫–૨૫ કિલોનું વિતરણ કરવામાં આવ્યુ. અંતે આગાખાન ટ્રસ્ટના મેનેજરશ્રી આર. કે.મહાજન દ્વારા આભારવિધી કરી કાર્યક્રમ પૂર્ણ કરવામા આવ્યો.